**કોડીનારના એડી. ચીફ. જ્યુડીશીયલ મેજીસ્ટ્રેટ સાહેબની કોર્ટમાં, મુ.કોડીનાર,જી. ગીર સોમનાથ.**
**કબુલાત પુરસીસ નીચે હુકમ:–**

CC NO. 86-2026
આંક–

ફરિયાદી:– શ્રી સરકાર
વિરૂધ્ધ
આરોપી:– ધનરાજભાઈ ઉર્ફે અક્ષયભાઈ બોઘાભાઈ ગોહીલ

સદર કામની ટુંકમાં હકીકત ધ્યાને લેતા એવુ રેકર્ડ પરથી દેખાય છે કે, ફરિયાદ પક્ષે આ કામના આરોપી સામે **પ્રોહી કલમ – ૬૫ એ.એ.** મુજબના શિક્ષાપાત્ર ગુન્હાનું તહોમત છે. જે આરોપી સામે મુકવામા આવેલ જે બદલ આ કામના આરોપીને પ્રોસેસ કાઢતા આજરોજ કોર્ટમાં હાજર રહેલ છે.

આરોપી કોર્ટ રૂબરૂ હાજર થતા તેઓને પોલીસ પેપર્સની નકલો મફત આપવાની ખાત્રી કરેલ છે. આરોપીઓ ગુનો કબુલાત પુરસીસ/પ્લી આપેલ છે. પોતાની કબુલાત પુરસીસમા તેઓએ જણાવેલ છે કે, આજરોજ આરોપી હાજર હોય તે પોતાનો ગુનો કબુલ કરવા માગે છે અને વધુમા જણાવે છે કે તેઓ ગરીબ ઈસમ તથા બાળ બચ્ચાવાળા છે અને આ તેઓનો પ્ર થમ ગુનો છે અને તેમાના કુટુંબના ભરણપોષણની જવાબદારી તેમના ઉપર છે જેથી તેમને ફકત દંડ કરી તેમના ઉપર દયા રાખવા વિનંતિ કરેલ છે. આ કામે આરોપી ખરેખર પોતાની સ્વૈચ્છાએ ગુનો કબુલ કરતા હોવાની ખાત્રી કરવામાં આવેલ છે.

આમ આરોપીના ઉપરોકત સંજોગો જોતા તથા નામ. ગુજરાત હાઈકોર્ટની રીવીજન બેન્ચે ૨૦૦૫(૨) જી.એલ.એચ. પાના નં. ૭૦૯ ઉપર સ્ટે ઓફ ગુજરાત વિ.નટવર હરચંદજી ઠાકોરના કેસમાં એવો સિધ્ધાંત પ્રસ્થાપિત કરેલ છે કે જો પુરતા અને વાજબી કારણો હોય તો દરેક કેસની હકીકત ધ્યાને લઈ કાયદામા કરેલી જોગવાઈ કરતા પણ ઓછામા ઓછી સજા અને દંડ કરવાની સતા નીચેની અદાલતને છે. તેમજ સદરહુ ચુકાદાના પાના નં. ૭૨૧ ના પેરા–૨૧ માં જે કારણો જણાવેલા છે તે વંચાણે લેતા સદરહુ ચુકાદો હાલના આરોપીના કેસને મદદરૂપ હોય તેમ જણાય છે જેથી આરોપીની સ્થિતી અને સંજોગોને ધ્યાને લઈ આજરોજ આરોપીને સજા માંથી માફી આપી ફકત દંડ કરવો જોઈએ તેવુ હું નમ્રપણે માનુ છુ તથા આરોપીને લાભ મળવો જોઈએ અને તેમના પણ રહેમ નજર રાખવી જોઈએ તેની અરજ પણ ધ્યાને લેતા અને તેથી નીચે મુજબનો આખરી હુકમ ફરમાવવામાં આવે છે.

**<u>આખરી હુકમ</u>**

બી.એન.એસ.એસ.ની કલમ–**૨૭૫** અન્વયે સદર આરોપીને ઉપર મુજબના શિક્ષાપાત્ર ગુન્હા અંગે રૂ**.૨૦૦/–** ના દંડ અને જો દંડ ન ભરે તો બે દિવસની સાદી કેદની સજા કરવાનો હુકમ કરવામાંઆવે છે.

: જો સદર ગુન્હાના કામે મુદ્દામાલ કબજે કરવામાં આવેલ હોય તો અને તેને લગત કોઈ વચગાળાનો હુકમ કરવામાં આવેલ હોય તો તે કાયમી કરવામાં આવે છે અન્યથા મુદ્દામાલ બાબતે ઈન્કવાયરી કરી તેનો નિકાલ કરવાનો હુકમ કરવામાં આવે છે.

: શરતો અપીલ સમય બાદ રદ ગણવી, જો મોબાઈલ અથવા વાહનનો હુકમ થયેલ ન હોય માલિક ની ખરાઈ કરી અપીલ સમય બાદ માલિકને પરત કરવી.

હુકમ આજરોજ તા.૧૪/૦૩/૨૦૨૬ ના રોજ વાંચી સંભળાવી જાહેર કર્યો.

મુકામ: કોડીનાર

**(એસ.એસ.પઠાણ)**
એડી. ચીફ. જ્યુડી.મેજી., કોડીનાર
જજ કોડ નં. જીજે ૦૧૨૭૩